# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૧-૫-૨૦૧૨</u>**

ગુજરાતના સ્થાપના દિને વિકલાંગો પર મુખ્યમંત્રીશ્રીના ઈશારે દાહોદમાં અત્યાચાર આચરીને ગુજરાતના ગૌરવને ખંડિત કરવામાં આવ્યું છે. ગુજરાતના વિકલાંગોએ પોતાના પ્રશ્ન માટે દાહોદ ખાતે પરિસંવાદ આજરોજ ૧ મે ગુજરાત સ્થાપના દિને યોજેલો હતો. આ પરિસંવાદ માટે ગ્રાઉન્ડની મંજૂરી પણ આપવામાં આવી હતી. લોકશાહી રીતે પોતાનો અવાજ રજૂ કરવાનો, આંદોલન કરવાનો, પરિસંવાદો યોજવાનો દરેક નાગરિકને અધિકાર છે. મુખ્યમંત્રીશ્રીનો દાહોદ ખાતે કાર્યક્રમ હોવાને કારણે જ સંપૂર્ણ બિનલોકશાહી રીતે ગુજરાતના વિકલાંગોને પકડી-પકડીને અમાનવીય રીતે ગોંધી રાખવામાં આવ્યા હતા. વિકલાંગોને જુદી જુદી જગ્યાએ સ્થળની પણ જાણ કર્યા વગર ઉઠાવી લેવામાં આવ્યા હતા. ગુજરાતના ખૂણેખૂણેથી આવેલા વિકલાંગો કાળઝાળ ગરમીમાં સતત પરેશાન થયા હતા. ગુજરાતના વિકલાંગોને જે રીતે ગુજરાતની સરકાર અન્યાય કરે છે તે રીતરસમ ગુજરાતની અસ્મિતાથી વિરુદ્ધની છે. ગુજરાતના વિકલાંગોના પ્રશ્નો માટે સરકાર સહેજ પણ સંવેદનશીલ નથી. માત્રને માત્ર મુખ્યમંત્રીશ્રીની પ્રસિદ્ધિ અને કાર્યક્રમો માટે ખડે પગે રહેતું તંત્ર મુખ્યમંત્રીશ્રીના ઈશારે વિકલાંગો પર અત્યાચાર કરે અને તે પણ ગુજરાતના સ્થાપના દિને, તે શરમજનક ઘટના છે. વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે વિકલાંગો પર કરવામાં આવેલ અત્યાચારને સખત શબ્દોમાં વખોડી કાઢેલ છે અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ વિકલાંગોની માફી માંગવી જોઈએ અને તેમના પ્રશ્નો ઉકેલવા જોઈએ તેવી માંગણી કરી હતી.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**

અંગત મદદનીશ